RNI NO. GUJGUJ/2015/64872

SINCE - 1968

# ધી ઓપન રોઝ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

HAPPY Holi

Vol.No-3, Issue No-8 TOTAL PAGE-4 Ahmedabad, Monday 05/03/2018

# હોલી કે રંગ, જીવન કે સંગ

ભારતનાં લોકો ઉત્સવ પ્રિય છે. દરેક ઉત્સવનું જીવનમાં અનેરૂ મહત્વ છે. તેમાંય આનંદ-ઉલ્લાસ અને રંગોનો ઉત્સવ એટલે હોળી-ધૂળેટી. રાજસ્થાનનો મુખ્ય તહેવાર હોળી સમગ્ર ભારતભરમાં ખૂબજ હર્ષભેર ઉજવાય છે. હિરણ્યકશિપુરૂપી અસત્ય પર પ્રહલાદ રૂપી સત્યનો વિજય એટલે હોળી-ધૂળેટી. શાસ્ત્રોક્ત વાર્તા પ્રમાણે હિરણ્યકશિપુ પાસે ચિત્ર-વિચિત્ર અનેક વરદાનો હતાં. જે જોઇને એમ લાગે કે આ વ્યક્તિ કોઇ દિવસ, કોઇપણથી પરાજિત થશે જ નહીં. પરંતુ અસત્યનો પરાજય નિશ્ચિત જ છે. વહેલો કે મોડો. આ બાબતની સમજ આપણને જીવન જીવવાની દિશા બતાવે છે.



અસત્યનાં માર્ગે ચાલનારા પાસે ગમે તેટલી સંપત્તિ, સત્તા અને શક્તિ હોય, પણ તે શાંતિથી જીવી નહીં શકે. સત્યનાં માર્ગે ચાલનારા પાસે ગમે તેટલી મુશ્કેલીઓ, અગવડ, સાધનહિન દશા હશે, પરંતુ તે ચેનથી જીવી શકશે. વિજયને પામશે.

હોળીએ ખુશીઓ વહેચવાનો તહેવાર છે. નાનાં-મોટાં સૌ એકબીજા પર રંગો ઉડાડીને ઉત્સવનો આનંદ મનાવે છે. કેસુડાનાં રંગનું ધૂળેટીમાં ખાસ મહત્વ છે. કેસુડાનો રંગ સ્વાસ્થ્ય પ્રદ છે. આનંદ અને ઉલ્લાસનાં આ તહેવારને શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરોમાં ખૂબજ ભક્તિ ભાવથી ઉજવવામાં આવે છે. આ પર્વને ફુલદોલોત્સવ પણ કહેવામાં આવે છે.

આજનાં સમયમાં આ પર્વની ઉજવણી પ્રસંગે ખાસ સાવધાની રાખવાની પણ જરૂર છે. આજે કેમિકલયુક્ત રંગો બજારમાં મળે છે, જે આપણાં સ્વાસ્થ્ય માટે ખૂબજ હાનીકારક છે. આનંદનાં આ તહેવારમાં ઘણાં અનિષ્ટો ભળ્યાં છે. પ્લાસ્ટિકની કોથળીઓમાં પાણી ભરીને અગાસી પરથી વટેમાર્ગુઓ પર ફેંકવામાં આવે છે. ત્યારે અકસ્માત થવાનો ભય રહે છે. આ ઉપરાંત પાણીની કોથળીઓ એકબીજા પર ફેંકવાથી કોઇકને ઇજા થાય ત્યારે ઝઘડાઓ પણ થતાં જોવા મળે છે. આપણાં વિવેકહિન વર્તનથી આનંદનું પર્વ ઝઘડાનું કારણ બની જાય છે.




હોળીનાં તહેવારની ઉજવણીમાં પાણીનો વધુ પડતો બગાડ અને પ્લાસ્ટિકનો અતિરેક ભર્યો ઉપયોગ ખૂબજ ખતરનાક નીવડે તેમ છે. તહેવારોની ઉજવણી દ્વારા પર્યાવરણ જાગૃતિનો સંદેશ પહોંચાડવાને બદલે પર્યાવરણનું પ્રદૂષણ વધે તે રીતે ઉજવવામાં આવે છે. જે ખૂબજ ચિંતા જનક છે. ત્યારે સાવધાની અને સમજદારીની ખાસ જરૂર છે. પ્લાસ્ટિકની બેગનાં ઉપયોગ પર કડકમાં કડક પ્રતિબંધ લાદવાની ખાસ જરૂર છે.

કેટલાક પર્યાવરણ પ્રેમી લોકો દ્વારા દર વર્ષે 'સૂકી હોળી' ઉજવવામાં આવે છે. પાણીનાં બચાવ માટેનું આ સ્તુત્ય પગલું છે. આવા સૌ પર્યાવરણપ્રેમીઓને ખૂબ-ખૂબ અભિનંદન...

હોળીનાં પર્વનું સામાજિક અને ધાર્મિક રીતે પણ ઘણું મહત્વ છે. નવદંપતિઓ હોલિકાની પ્રદક્ષિણા કરીને સુખી દાંમ્પત્ય જીવનનાં આશીર્વાદ પ્રાપ્ત કરે છે. ભાઇ પોતાની બહેનને હોળીનાં પર્વે ભેટ આપે છે. આ પર્વમાં ખજૂરનું પણ ખાસ મહત્વ છે. ખજૂર સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી છે.

હોળી યુવા દિલોનો મનપસંદ તહેવાર પણ ગણવામાં આવે છે. હોળીનાં રંગો સાથે યુવાનો પોતાનાં દિલનાં ભાવોથી પણ પ્રિય પાત્રોને રંગે છે. આથી ફિલ્મોમાં પણ આ તહેવારને ખૂબ મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે. અનેક ફિલ્મોમાં પ્રેમી પોતાની પ્રિયતમાને હોળીનાં પ્રસંગે દિલનાં ભાવો રંગો દ્વારા વ્યક્ત કરે છે.

રંગ, આનંદ, ખુશી અને ઉલ્લાસનાં પર્વ હોળીને સમજદારી અને સાવધાનીથી મનાવીએ, જીવનને આનંદમય બનાવીએ.




**રાજેશ ધામેલિયા**, શિક્ષક, સુરત



# શિક્ષણનાં પ્રેરણા પુષ્પો

## મનની એકાગ્રતા

દોસ્તો, સ્વામીજીનો એક પ્રસંગ યાદ કરીએ.



સ્વામી વિવેકાનંદ અમેરિકામાં ધર્મ પ્રચાર માટે ગયા હતાં. અમેરિકામાં તેઓ ઘણી જગ્યાએ ઘણા બધા મહાનુભાવોને મળવા જતા હતાં. એકવાર તેઓ એક મેદાન પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓ બાળકોને રમતા જોઇ થોડીવાર ઉભા રહી ગયાં. મેદાનમાં છોકરાઓ છરા વાળી ગનથી નિશાન તાંકવાની રમત રમતા હતાં. એક છોકરો હવામાં દડો ઉછાળે અને બીજો તે દડાને ગનથી નિશાન તાંકે. કેટલાક છોકરા નિશાન તાંકે અને કેટલાંક ચૂકી જાય. નિશાન ચૂકી ગયેલા નિરાશ છોકરાઓને જોઇ સ્વામીજી હસે છે. સ્વામીજીને હસતાં જોઇ છોકરાઓ રમતમાં સ્વામીજીને પણ સામેલ કરે છે. નિરાશ થયેલ છોકરાઓમાંથી એક છોકરાએ સ્વામીજીનાં હાથમાં ગન આપી અને એકજ વારમાં નિશાન તાંકવા કહ્યું. છોકરાઓને વિશ્વાસ હતો કે સ્વામીજી હાર માની લેશે. સ્વામીજીએ તરત હાથમાં ગન લીધી અને એકજ વારમાં દડાને નિશાન તાંકી લીધું. સ્વામીજીએ વારાફરતી ત્રણ ચાર વાર સફળ નિશાન તાંકિ બધાને ચક્તિ કરી દીધા. સ્વામીજીએ જીંદગીમાં પ્રથમવાર જ આ રીતે નિશાન તાંક્યું હતું અને તેમાં પણ સફળ થયા હતાં.

છોકરાએ સ્વામીજીને આ સફળતા માટે રહસ્ય પૂછ્યું, ત્યારે સ્વામીજે સરળ શબ્દોમાં બોધ આપ્યો કે, 'કોઇપણ કાર્ય કરવા માટે મનની એકાગ્રતા કેળવો' જો તમારૂ મન એકાગ્ર થશે તો કોઇપણ કાર્યમાં સફળ થશો. મેં ક્યારેય નિશાન તાંકવાની રમત રમી પણ નથી અને જોઇ પણ નથી થતાં આજે તમને રમતા જોઇ મેં મનની એકાગ્રતાથી રમત જોઇ અને હું તેમાં સફળ થયો. અને છેલ્લે. જેમ સ્વર્ગમાં દેવતાઓ પાસે અમૃત હોવા છતાં તે અપ્સરાઓનાં હોઠનું રસ પાન કરવા માંગે છે, તેવી રીતે સંસ્કૃત ભાષાનું જ્ઞાન હોવા છતાં પણ મને અન્ય ભાષા શીખવી પસંદ છે...

—ચાણક્ય



**બલદેવ જે. પરી,**
શિક્ષક, જૂનાગઢ

# શુ તમે ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા આપવાનાં છો?



**પરીક્ષા જેમ જેમ નજીક આવતી જાય છે. તેમ તેમ વિદ્યાર્થીનું ટેન્શન વધતુ જાય છે. વિદ્યાર્થીની સાથે વાલી પણ ટેન્શનમાં આવી જાય છે. વિદ્યાર્થીઓ પરીક્ષાને પડકાર નહીં પણ એક સમસ્યા ગણે છે. પરીક્ષાને પોતાની બુદ્ધિશક્તિનો શ્રેષ્ઠ પ્રભાવ પાડવાનો શુભ તક સમજો.**

**આપણી પરીક્ષા પદ્ધતિ એટલે વિદ્યાર્થીએ આખુ વર્ષ જે કાંઇ કામ કર્યુ.જે શીખ્યો છે તેનું મૂલ્યાંકન ફક્ત ૧૮૦ મિનિટ એટલે કે ૩ કલાક. વિદ્યાર્થીઓને તેમની પાસે જે કાંઇ શ્રેષ્ઠ બુદ્ધિશક્તિ છે તે બતાવવાનો સમય ત્રણ કલાકનો છે. તે અંગેનું વ્યવસ્થિત આયોજન હોય તો તેનો વધુમાં વધુ લાભ લઇ શકાય.**

**આપની જવલંત સફળતા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખો.**

- પરીક્ષા સ્વસ્થ મન સાથે જ આપો બધીજ ચિંતા છોડો.
- પરીક્ષાનાં ચાલુ દિવસોમાં દરરોજ સવાર અને સાંજે ઉત્તમ વિચારો વાગોળો.
- પરીક્ષા દરમિયાન પૂરી ઉંઘ ૬ કલાક લેવાનું ચૂકશો નહીં.
- પરીક્ષાનાં એક અઠવાડિયા પહેલા તમારા બધા વિષયોમાં જેટલા પ્રશ્નો, Examples, Objective સૂત્રો સમીકરણ Map પરીક્ષાની આગલી રાત્રે વાંચવાનાં છે તે નક્કી કરી વાંચવામાં જરૂરી સાહિત્ય ભેગુ કરી એક ફાઇલ બનાવો. પરીક્ષાનાં છેલ્લા દિવસે તમારી પાસે માત્ર જેટલા વિષય હોય તેટલી જ ફાઇલ ટેબલ પર વાંચવાની જગ્યા પર હોવી જોઇએ.
- હવે Exam Roomમાં
- પરીક્ષાની પહેલી ૧૫ Minit માં માત્ર ઉત્તમ વિચારો અને ઇશ્વરને પ્રાર્થના કરવી. માત્ર ઉત્તમ વિચાર મારું પેપર ખૂબ જ સરસ જશે. તેવા વિચારો કરવા.
- પરીક્ષાની છેલ્લી ૧૫ મિનિટમાં લખેલું પેપર વાંચી નાની નાની ભૂલો, નિશાની, વાક્ય રચના બરાબર જોવી, જોડણી સુધારવી, યોગ્ય રીતે પેપર વાંચી જવું.
- સતત પેપર લખતી વખતે એકથી દોઢ કલાક પછી પાંચ-સાત મિનિટનો આરામ લેવો. હાથ-પગ ઉંચા-નીચા કરો. સ્નાયુઓને આરામ આપો.
- ટેક્સબુકનાં બધા ઓબ્જેકટીવ, ગણેલા ઉદાહરણનાં બધા દાખલાઓ પરીક્ષાની આગલી રાત્રે અચૂક જોઇ જાવ. લગભગ 30% થી ૪૦% જેટલું સીધે સીધુ ટેક્સબુકમાંથી પરીક્ષામાં આવે છે. આટલુ તૈયાર થયા પછી આત્મવિશ્વાસ પણ એકદમ વધી જશે.
- પરીક્ષાનાં સ્થળે ૩૦ મિનિટ વહેલા પહોંચો. કોઇની સાથે બીન જરૂરી વાતચીત કે ચર્ચામાં જોડાશો નહીં.
- Exam Roomમાં દાખલ થતી વખતે સ્વસ્થ મન, ઉત્સાહ અને હિંમતથી મહાન કાર્યની સફળતા તરફ જઇ રહ્યા છો તેવા ઉત્તમ વિચારો સાથે દાખલ થાવ.
- તમારી શક્તિમાં જ વિશ્વાસ રાખો એ જ તમને ઉત્તમ માર્કસ અપાવશે. ચોરી કરવાથી કે પેપર લીક થયું છે તેવી અફવાથી મનને ખલેલ કરશો નહિં. સ્વસ્થ મને તમે જે તૈયારી કરી છે તેનું માત્ર પુનરાવર્તન કરવું.
- પ્રશ્નપત્ર મળે ત્યારે પેપર પરની બધી સૂચનાઓ વિગતથી વાંચો, કદાચ પેપર જોતાની સાથે જ કોઇ અપરિચિત કે અઘરો પ્રશ્ન દેખાઇ આવે તો પણ ચિંતા કરશો નહીં. તેમાં ઘણાં સહેલા અને સરળ પ્રશ્નો પણ હોય છે. તમે જે વિભાગ લખવા માંગતા હોવ તેમાં ખોવાઇ જાવ.
- પરીક્ષાનાં દિવસોમાં કોઇજ નવી બાબતો, નવા પ્રશ્નો વાંચશો નહીં. કંઇ તમે તૈયાર કરેલું હોય તમને આવડતું હોય તેવી જ બાબતોનું પુનરાવર્તન કરવું.
- ચાલુ પરીક્ષામાં વર્ણનવાળા નિબંધાત્મક વિષયોમાં વર્ણન વાંચવાને બદલે ફક્ત મુદ્દા બોલી જવાથી મનન દ્વારા તમારા મગજમાં પ્રશ્નોનાં જવાબ વ્યવસ્થિત બની જાય છે. અને પરીક્ષામાં તમે ઉત્તમ રીતે લખી શકો છો.
- કોઇ પ્રશ્ન તમને એમ લાગે કે આ કોર્સની બહારનો છે. તો પણ તમે ચિંતા કર્યા સિવાય માત્ર જેટલું ખબર હોય, જેટલું લખી શકો તેમ હોય તેટલું લખીને પ્રશ્નને એટેમ્ટ (Attempt) કરવો જ જેથી કદાચ કોર્સની બહારનું હશે તો પણ તેમને જો તમે એટેમ્ટ કર્યો હશે તો પૂરા માર્કસ મળશે.
- પરીક્ષામાં તમે જે વિભાગ પહેલાં લખવા માંગો છો તે વિભાગ જ જોવો અને તે વિભાગનો દરેક પ્રશ્ન શાંતિથી એક-એક શબ્દનો ઝીણવટથી અર્થઘટન કરી જવાબ લખવાની શરૂઆત કરો. ક્યાંથી શરૂ કરવું અને ક્યાં ક્રમમાં લખવું તેના મુદ્દાઓ રફમાં બે-પાંચ સેકન્ડમાં મૂકીને પણ શરૂઆત કરી શકાય. તરત જ લખવાનું શરૂ કરી દો. આપમેળે બધુ વ્યવસ્થિત પાર પળતું રહેશે. પેપર હાથમાં આવે એટલે આખા પ્રશ્નપત્ર પર આછી નજર નાખવાનો લોભ છોડી જ્યારે જે વિભાગ લખવાનો હોય ત્યારે તે જોવો.
- સ્વસ્થ રીતે પેપર લખવા માટે પેપરમાં સમયનું ઓયોજન ચોક્કસાઇ પૂર્વક કરો. અને તેને પૂર્ણ પણે વળગી રહો. વર્ણનવાળા પ્રશ્નમાં એક માર્કસ માટે ૨મિનિટ, ૨માર્કસના જવાબ માટે ૪ મિનિટ (લગભગ આઠથી દસ લીટી) અને ૩ માર્કસનાં જવાબ માટે ૬ મિનિટ (લગભગ દસથી બાર લીટી) અને ૪ માર્કસનાં જવાબ માટે ૮ મિનિટ (લગભગ ચૌદથી સોળ લીટી) ૫ માર્કસનાં પ્રશ્ન માટે ૧૦ મિનિટ (લગભગ ૧૬થી ૨૦ લીટી) પેપર વહેલું પુરૂ થાય કે કોઇ પ્રશ્ન બાકી રહી જાય તે બંને સ્થિતિ પેપર લખતા આવડતુ નથી તેની નિશાની છે.
- પરીક્ષાનાં ગાળામાં સવાર સાંજ આઠ-દસ વખત ઉંડા શ્વાસ લો અને છોડો. જેથી ઓક્સિજન વધારે માત્રામાં તમારા મગજને પહોંચશે, મગજનો ખોરાક ઓક્સિજન છે.
- પરીક્ષાનાં પેપર પરીક્ષકને ગમે તે સ્વરૂપે સ્વચ્છ રીતે લખો.
- પાઠ્ય પુસ્તક આધારિત જવાબ લખો.
- નવા પ્રશ્નની શરૂઆત નવા પાનેથી કરો.
- એક આખો વિભાગ એક સાથે લખો.
- વાંચી શકાય તેવા અક્ષરો થવા જોઇએ.
- મુદ્દાઓ છૂટા પાડી, વિભાગ પાડી પોઇન્ટ (→) કરીને લખો.
- ચાર પાંચ લીટીનો નાનો પેરેગ્રાફ લખવો નહીં.
- એકજ રંગ બ્લ્યુ રંગની શાહીથી લખવું
- બાહ્ય ઠઠારો ન કરવો.
- કોઇ દાખલાનો જવાબ બે થી વધારે પ્રયાસ કરવા છતાં ન મળે તો વધારે પ્રયત્ન ન કરવો. સમય વેડફાશે અને બીજા પ્રશ્નો લખવાનાં રહી જશે પેપર લખ્યા પછી સમય મળે તો ફરીથી પ્રયત્ન કરી જવાબ લખો.
- દરેક માતા-પિતાએ ઘરનું વાતાવરણ શાંત હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું. સતત બાળકને પ્રોત્સાહન આપવું. તેનાં ખાવા-પિવાની વસ્તુઓ પર નિયંત્રણ રાખવું અને ઉંઘ પૂરેપૂરી લે તેની ખાસ કાળજી રાખવી.
- પેપર પુરૂ કરી અને પરીક્ષાખંડમાંથી બહાર નીકળો ત્યારે તે પેપરમાં કેટલું લખાયું કેટલું ન લખાયું તેનું સરવૈયુ કાઢશો નહીં. જ્યારે બધા પેપરો પૂરા થઇ જાય ત્યારે તે વિધિ કરો. (વેકેશન ખૂબજ લાંબુ હોય છે.)
- કોઇપણ પરીક્ષાનાં પરિણામનો આધાર ૫૫ થી ૬૦% તમારી મહેનત, અભ્યાસ કરવાની પદ્ધતિ, ટેકનિકો તેમજ મહેનતનાં કલાકો પર આધારિત છે. જ્યારે બાકીનાં ૪૦ થી ૪૫% તમારી પરીક્ષા વખતની માનસિકતા, આત્મ વિશ્વાસ અને વિચારો પર હોય છે. તેમ છતાં તમારી માનસિકતા, સ્વસ્થતા તરફ, આત્મ શ્રદ્ધામાં વધારા તરફ અને ઉત્તમ વિચારો તરફનું વલણ રાખવાથી પરિણામમાં અચૂક વધારો થાય છે.
- અને છેલ્લે માતા-પિતાને પરીક્ષાનાં અગાઉનાં રવિવારે 'Best of Luck' માટે જે સગા સંબંધીઓ મળવા આવે છે. ચા, નાસ્તો... વગેરે જે માહોલ સર્જાય છે... તે માહોલને Createનાં કરો. વિદ્યાર્થીને Exam કેન્દ્રિત થવા દો. સગા-સંબંધીને મળીને મન વિચલિત ન કરો.

વિદ્યાર્થી મિત્રો, ઉત્તમ પરિણામ મેળવી તમારી કારકિર્દી ઉજ્જવળ બનાવો. તમારા માતા-પિતાનું નામ, રાજ્યનું અને દેશનું નામ રોશન કરો. રાષ્ટ્ર માટે તમારી શક્તિ વાપરો, તેવી અપેક્ષા સાથે મારા તરફથી શુભ લાગણી, શુભેચ્છા અને શુભ આશિષ...



Best of Luck

**સથવારા નિમિષા,**
**આચાર્ય, અમદાવાદ**

# અરૂણાબહેન દેસાઇ: સ્ત્રી શિક્ષણ અને સામાજિક જાગૃતિનાં જ્યોતિર્ધર

જીવનમાં અનેક નકારાત્મક શક્તિઓ ઘસી આવતી હોય, અનિષ્ટો આવતાં હોય પણ એક તસુ પણ હટ્યા વગર બહેનો માટે અવિરત લડતાં યોદ્ધા એટલે અરૂણાબહેન. પોતે નાની ઉંમરનાં હતાં ત્યારે માતાનું મૃત્યું થયું. પુષ્પાબહેન મહેતા પોતાને ત્યાં લઇ આવ્યાં. એક દીકરીની જેમ તેનો ઉછેર કર્યો. બાળપણથી જ નિરાધાર, ઘર વિહોણા, ત્યકતા, વિધવા, શારીરિક તેમજ માનસિક ત્રાસનો ભોગ બનેલી મહિલાઓનાં પ્રશ્નો હલ કરવા આ અરૂણાબહેનનાં સ્વભાવમાં હતું. આ બધું પુષ્પાબહેન જોતાં હતાં. પુષ્પાબહેને અરૂણાબહેનમાં અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હતો. સંપૂર્ણ નિષ્ઠા અને કુનેહથી કામ લેવાની શક્તિ અરૂણાબહેનમાં હતી.


તા.૨૧-૦૬-૧૯૪૫નાં રોજ સુરેન્દ્રનગરનાં વઢવાણ મુકામે એક નાનકડા મકાનમાં 'વિકાસ વિદ્યાલય' ની શરૂઆત થઇ હતી. આ સમયે સૌરાષ્ટ્ર પ્રાંત અનેક દેશી રજવાડાઓમાં વહેચાયેલ હતો. જ્યારે વિકાસ વિદ્યાલયનું કામ સંભાળ્યું ત્યારે સ્ત્રીઓનાં જીવન વિષયક અનેક પડકારો તેમની સામે મોઢું વકાસી ઉભા હતાં. ખાસ કરીને કન્યાવિક્રય. પચાસથી સાઠ વર્ષનાં પુરૂષ સાથે બાર કે પંદર વર્ષની બાળા વેચી દેવાતી કે લગ્ન કરાવી દેવાતા હતાં. ગરીબ મા-બાપને થોડા ઘણાં રૂપિયા આપી ને બાળાની ખરીદી કરી એને વેશ્યાબજારે વેચી દેવામાં આવતી. ઝાલાવાડ પંથકમાં સ્ત્રીઓ પરનાં જુલમ પર આંસુ લૂછનાર માયાળુ માતા એટલે અરૂણાબહેન.



વઢવાણની ધરતી પર ચાલીસ જેટલી બહેનોને આશ્રય આપી. હુન્નરોની તાલીમ આપવાનું કેન્દ્ર શરૂ કર્યું. બહેનોને કોઇપણ રીતે સ્વાશ્રયી બનાવી. સમાજમાં મોકલવાની ખેવના અરૂણાબહેન રાખતાં હતાં. વઢવાણ અને તેની આસપાસનાં પંથકમાં જ્યારે કોઇ સ્ત્રી પર જુલમ થઇ રહ્યો હોય ત્યારે બધુય પડતું મુકીને તેને છોડાવવા માટે દોડી જાય. તરછોડાયેલી કે ત્યકતાને સંસ્થાએ શરણ આપ્યું હોય તો તેને ઉઠાવી જવાનાં કાવતરાઓ અને હુમાલાઓ થાય. અરૂણાબહેન કશાયનો ડર રાખ્યા વગર આગળ વધતા રહ્યાં. વર્ષો વિતતા ગયા તેમ તેમ સંસ્થાનો વિકાસ થવા લાગ્યો. સંસ્થામાં શિશુગૃહ, છાત્રાલય, પ્રાથમિક, માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક, શાળાઓ શરૂ થઇ. પ્રાયમરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, બી.એડ. કોલેજ, ફાઇન આર્ટસ કોલેજ વગેરે શિક્ષણ સંસ્થાઓ શરૂ થઇ. સમાજમાં બહેનો પગભર બની સ્વાશ્રયી બને તે માટે ઉદ્યોગગૃહો અને તાલીમ કેન્દ્રો પણ શરૂ કર્યાં. આવી શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિઓથી ખાસ કરીને દલિત મહિલાઓનો કૌટુંબિક વિકાસ થયો છે. તેઓનાં વૈયક્તિક અને સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે.

અરૂણાબહેને સતત મહેનત અને નિષ્ઠાથી કામ કરીને વિકાસ વિદ્યાલયને ગુજરાતની એક આદર્શ શિક્ષણ અને સામાજિક સંસ્થા બનાવી છે. અરૂણાબહેનની વિકાસ વિદ્યાલયને ઇ.સ. ૧૯૫૮માં રૂા. ૨૫૦૦૦/- નો પુરસ્કાર પ્રાપ્ત થયો. જે તમામ રકમ સંસ્થાના વિકાસ માટે વાપરવામાં આવી હતી. ઇ.સ. ૧૯૮૦માં ગુજરાત રાજ્ય સમાજ સુરક્ષા બોર્ડ દ્વારા બાળ કલ્યાણ પ્રવૃત્તિઓ માટે પુરસ્કાર પ્રાપ્ત થયો. ઇ.સ. ૧૯૯૧માં રાજકોટનાં યંગમેન્સ ગાંધીઅન એસોશિએશન તરફથી રૂા.૨૫૦૦૦/-નો ચંપાબહેન ગોધિયા એવોર્ડ મળ્યો. ઇ.સ.૧૯૯૨માં માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો મહિલા બાળ કલ્યાણનો રૂા.૨૦૦૦૦૦/-નો પુરસ્કાર મળ્યો હતો. આ બધા પુરસ્કારો અરૂણાબહેનની નિષ્ઠા અને શિક્ષણ-સામાજિક કાર્યોની ફલશ્રુતિ છે.

અરૂણાબહેને ૧૬-૦૨-૨૦૦૭ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી ત્યારે નારી સેવાનાં એક યુગનો જાણે અસ્ત થયો હોય તેવી અનુભૂતિ સૌને થઇ. આમ સતત ૭ દાયકા સુધી અવિરતપણે સ્ત્રી જીવનનાં અંધારાને ઉલેચીને ઉજાસ પાથરનારા અરૂણાબહેન કદી ભૂલાશે નહીં.



**પ્રવિણ કે. મકવાણા**
**આચાર્ય, ભાવનગર**

**વૈધાનિક સુચના: ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**



# ટુક..ટુક..ટુક.. કંસારો







ગ્રીષ્મઋતુની શરૂઆત થવા જઇ રહી છે. ત્યારે તેની શરૂઆત પહેલા વસંતઋતુની શરૂઆત થાય છે. અને અસંખ્ય ફૂલો, છોડ, વૃક્ષો તેની સોળે કળાએ ખીલી ઉઠે છે. બીજી ઋતુ કરતાં વસંતઋતુનાં સમયગાળા દરમ્યાન દરેક વૃક્ષો, છોડનો રંગ સંપૂર્ણ અલગ જ દેખાય છે. અને ત્યારબાદ ગ્રીષ્મની શરૂઆત થાય છે. તેની સાથે કોયલનાં મીઠા ટહુકા કાને પડવાનાં શરૂ થઇ જાય છે. પણ આ મીઠા ટહુકાની સાથે એક બીજો મીઠો અવાજ પણ આપણને સાંભળવા મળતો હોય છે. જે ટહુક ટહુકની સાથે ટુક..ટુક..ટુક.. જ્યારે કે કોઇ કંસારો તાંબા-પિત્તળનાં વાસણ પર લાકડાની હથોડી મારે અને જેવો ધ્વનિ આવે તેવો જ ધ્વનિ પણ વૃક્ષોમાંથી ક્યાંય સંભળાતો હોય છે. માટે જ આ પક્ષીનું નામ પણ તેવું જ એટલે કે કંસારો. કંસારો નામનાં આ પક્ષીને અંગ્રેજીમાં (કોપર સ્મિથ બારબેટ) તરીકે આળખવામાં આવે છે. બારબેટની બે પ્રજાતિઓ વધુ માત્રામાં આપણાં ગુજરાતમાં જોવા મળે છે. (૧) કોપર સ્મિથ બારબેટ અને (૨) ગ્રે હેડેડ બારબેટ એટલે કે, કંસારો અને મોટો લીલો કંસારો જોકે, મોટો લીલો કંસારો તો ખાસ કરીને ગાઢ જંગલોમાં જોવા મળે છે. પણ કોપર સ્મિથ બારબેટ તો આપણી આસપાસનાં .... વિસ્તારોમાં જોવા મળી જાય છે. આ પક્ષીની સુંદરતા એટલી સરસ છે કે, કપાળનાં ભાગે ઘટ્ટ લાલ રંગ, આંખો અને ગળાનાં ભાગે ઓછો બદામી રંગ અને ગળાનાં બદામી રંગમાં લાલ ઘટ્ટ પટ્ટો અને આખા શરીરે આછા પોપટી રંગે વણાયેલું હોઇ જોતાની સાથે જ આપણી આંખોને ગમી જાય તેવા આ પક્ષીનો અવાજ પણ સાંભળવો આપણને ગમે છે. તેની માદાની ઓળખ કરવી થોડી મુશ્કેલ છે. કેમકે, નર અને માદામાં બહુ ખાસ ફરક હોતો નથી. પણ લગભગ કિસ્સામાં (નર) કંસારો વૃક્ષની ટોચ પર બેસીને ચારેય દિશામાં પોતાનું માથું ફેરવી ટુક..ટુક.. ટુક..નો અવાજ કર્યા કરે છે. આ પક્ષી પોતાનો માળો ઉંચાઇવાળા વૃક્ષો પર બનાવવાનું પસંદ કરે છે. અને વૃક્ષમાં લક્કડખોદની જેમ કાણું (હોલ) પાડે છે. જ્યારે તે કાણું પાડવા માટે પોતાની ચાંચ લાકડા સાથે ટકરાવે છે. ત્યારે તેનો અવાજ એટલો હોય છે કે આપણુ ધ્યાન તરત જ ત્યાં કેન્દ્રિત થઇ જાય છે. તે અવાજ પણ જ્યારે કે, લાકડામાં ડ્રીલીંગ થતુ હોય તેવો હોય છે. આ રીતે તે પોતાનાં માળાનું નિર્માણ કરે છે. તેનો નેસ્ટીંગ સમય ફેબ્રુઆરીથી એપ્રિલ દરમ્યાન હોય છે તેને ભાવતું ભોજન વડ પીપળાનાં ટેટા હોય છે. આ સિવાય ક્યારેક કિટકોનો પણ શિકાર કરી લે છે. તેનાં બચ્ચાં ઝાડની બખોલમાં જ રહે છે. જ્યાં સુધી તે ઉડવા માટે સક્ષમ ન બની જાય. માતા-પિતા વારા ફરતી તેનાં બચ્ચાં માટે ખોરાક લાવી તેને ખવડાવે છે. કુદરતનાં પક્ષીમાં ખાસ કોઇ અજાયબી તો નથી પણ બસ તેનાં રંગબેરંગી કલરો આપણને અજાયબી પમાડે તેવાં જરૂર છે.



**બર્ડ વોચર**
**A.A.R.T.I**
**Adventure Campsite**

# ઇ-વોલેટનાં ઉપયોગમાં સાવચેતી





નોટબંધી બાદ ઓનલાઇન વ્યવહારમાં માની ન શકાય તેવી તેજી આવી છે. આજે સામાન્ય વ્યક્તિ પણ ખરીદી કર્યા બાદ ચૂકવણી માટે ક્રેડિટ કાર્ડ, નેટ બેંકિંગ સિવાય ઓનલાઇન પેમેન્ટ આધારિત ઇ-વોલેટ એપનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યો છે. આજે ઘરે બેઠાં સ્માર્ટફોનની મદદથી પૈસા ટ્રાન્સફર કરી શકાય છે, આ માટે બેંકમાં જવાની જરૂર નથી. ટૂંકમાં, સામાન્ય વ્યવહારમાં પણ ઓનલાઇન પેમેન્ટનો વ્યાપ વધી ગયો છે.ભારતમાં નેટ બેંકિંગ સિવાય PayTM, Jio Money, Airtel Money, PayUMoney, Mobikwik, MoneyonMobile, SBI Buddy, ICICI Pockets, HDFC PayZapp, Free Charge, Chillr, BHIM આવી અધધ કહી શકાય તેટલી ઓનલાઇન પેમેન્ટ કરી શકાય તેવી ઇ-વોલેટ એપ ઉપલબ્ધ છે. વળી, આ પ્રકારની એપને મોબાઇલની જેમ આધારકાર્ડની સાથે લિંક કરી શકાય છે. ઇ-વોલેટનો ઉપયોગ વધતાની સાથે જ તેમાં અનેક પ્રકારની છેતરપીંડી થવાની શરૂઆત થઇ ગઇ છે. ઇ-વોલેટનાં ઉપયોગમાં સાવચેતી રાખવી ખૂબજ જરૂરી બને છે. અન્યથા તમારૂ ઇ-વોલેટ ખાલી થઇ જતાં વાર પણ નહીં લાગે!!! ઇ-વોલેટનાં ઉપયોગમાં ક્યાં પ્રકારની સાવચેતી રાખવી જોઇએ, તેનાં વિશે માહિતગાર કરવાનો પ્રસ્તુત આર્ટિકલનો હેતુ છે...

--કોઇપણ ઇ-વોલેટ વડે કરવામાં આવતાં ટ્રાન્જેકશનમાં યુઝરને OTP એટલે કે One Time Password મોકલવામાં આવે છે, જે કોઇને પણ ન જણાવો. OTP એ ટ્રાન્જેકશનમાં તમારી સહમતિને દર્શાવે છે. વળી, OTP આવતા થોડો સમય લાગી શકે છે, તો ધીરજ રાખવી જરૂરી છે. વારંવાર Resend OTP વિકલ્પનો ઉપયોગ ન કરવો જોઇએ.





- મોબાઇલમાં ઇ-વોલેટને પાસવર્ડ કે પેટર્નથી સુરક્ષિત રાખો. પાસવર્ડ કેપિટલ અને સ્મોલ પ્રકારનાં આલ્ફાબેટ, ન્યુમરિક અને સિમ્બોલનું સ્ટ્રોંગ મિશ્રણ હોય તે પ્રકારનો હોય તે જરૂરી છે. ઇ-વોલેટનો પાસવર્ડ એ અંગત બાબત છે. જે કોઇને પણ ન જણાવો. ફોન, ઇ-મેઇલ કે જીસ્જી દ્વારા પાસવર્ડ મંગાવવામાં આવે તો ક્યારેય પણ તે ન જણાવવો જોઇએ. ખાસ ધ્યાન આપશો કે બેંક કે કંપની દ્વારા ઉપયોગકર્તા પાસેથી પાસવર્ડ કે અન્ય કોઇપણ પ્રકારની અંગત માહિતિ માટે પૂછપરછ કરવામાં આવતી નથી.
- મોબાઇલમાં ઇ-વોલેટનો ઉપયોગ કર્યા બાદ લોગઆઉટ થવાનું ભુલશો નહીં. ઘણાં યુઝર્સ આ બાબતે સાવચેતી નથી રાખતાં. તમારો મોબાઇલ કોઇ અજાણ્યા વ્યક્તિનાં હાથમાં આવી જાય કે ચોરાઇ જાય તો તેનો દુરુરયોગ થવાની પૂરેપૂરી શક્યતા છે.
- ઇ-વોલેટ એપમાં કોઇપણ ઓનલાઇન પેમેન્ટ પદ્ધતિમાં ટ્રાન્જેકશન થવામાં થોડો સમય લાગી શકે છે. તો ક્યારેય પણ રિફ્રેશ ન કરવું જોઇએ. ઘણાં યુઝર્સ સમયની રાહ જોયા વિના વારંવાર રિફ્રેશ કરવા લાગે છે. જેના કારણે સમસ્યા ઉદ્ભવી શકે છે.
- ઇ-વોલેટ કંપનીમાંથી વાત કરૂ છું અને તમારો મોબાઇલ નંબર લકી ડ્રોમાં પસંદ કરવામાં આવ્યો છે. તમારા ઇ-વોલેટમાં ઇનામની રકમ ટ્રાન્સફર કરવી છે. જેના માટે તમારૂ નામ, જન્મ તારીખ. પાસવર્ડ, OTP પ્રકારની અંગત જણાવો – આ પ્રકારનો ફોન કે ઇ-મેઇલ આવે તો ચેતી જજો. આ પ્રકારનાં ફોન કોલ્સ કે ઇ-મેઇલમાં છેતરપીંડી થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. આ પ્રકારની બાબતમાં ક્યારેય પણ ફસાવું જોઇએ નહીં.
- ઇ-વોલેટનાં પાસવર્ડ કે અન્ય અંગત બાબતોને ઇ-મેઇલ કે જીસ્જી નાં માધ્યમથી અન્ય કોઇને પણ ન મોકલવી, આ પ્રકારની કામગીરી નુકસાનકારક સાબિત થઇ શકે છે.
- ઇ-વોલેટ આધારિત ખરીદી કરતી વખતે જાહેર કે ઓપન પ્રકારનાં WIFI નો ઉપયોગ ન કરવામાં આવે તે ઇચ્છનીય છે, કારણકે આ પ્રકારનાં WIFI માં તમારી અંગત માહિતિની ચોરી કરવી ખૂબજ સરળ હોય છે.

સાવચેત!!! હમણાં જ વર્તમાનપત્રમાં આવેલા એક કિસ્સામાં કોઇ એક કંપનીમાં કામ કરતાં વ્યક્તિનાં મિત્રએ ફિલ્મ જોવા માટે મોબાઇલ માંગીને તેનાં મોબાઇલમાંથી લાખો રૂપિયાની ઓનલાઇન ખરીદી કરી લીધી હતી!!! મોબાઇલ આપવા માત્રથી આ પ્રકારની કામગીરી થઇ શકે છે, ત્યારે ટેકનોલોજીનાં યુગમાં સાવચેતી રાખવાથી જ સલામતી મળી શકશે!!! સાવચેત બનો... સુરક્ષિત રહો...

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Page નાં માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવા ટેકનોલોજીને લગતા મુદ્દા સાથે...

અને હા..આપનાં અમૂલ્ય સુચનો The Open Pageનાં માધ્યમ થકી મોકલતાં રહેશો...



**તેજસ ઠક્કર**
**IT EXPERT**
www.tejasthakkar.com

ખુશી ત્યારે મળશે જ્યારે તમે જે વિચારો છો, જે કહો છો, અને કે કરો છો, અને એ તમારી સંવાદિતામાં હોય **-મહાત્મા ગાંધી**

# શિક્ષણનું મહત્વ




એક ગામ હતું. તેમા ચાર મિત્રો રહેતા હતાં. તે ગામનું નામ રાજુલા હતું. રાજુલા ગામમાં શિક્ષણનો કોઇ સ્ત્રોત ન હતો. એટલે બાળકોને વાવેરા નિશાળે ભણવા જતા આ ચાર મિત્રોએ બહાર જઇને ખૂબ પ્રગતિ કરી હતી. જેમાં પહેલો મિત્ર ટ્રાન્સપોર્ટનો કારોબાર ચલાવવા લાગ્યો, બીજો મિત્ર સરકારી નિશાળમાં પ્રિન્સિપાલ બન્યો, ત્રીજો મિત્ર સરકારી નિશાળમાં અંગ્રેજીનો શિક્ષક બન્યો, અને ચોથો મિત્ર મોટી પોસ્ટ પર કાર્ય કરે છે.

એક દિવસ તે ચાર મિત્ર ભેગા થયા અને રાજુલા આવ્યાં. અને ચારે ભેગા મળી વિચાર્યું કે રાજુલામાં એક શાળા બનાવીએ. બધા મિત્રો જે કાર્ય કરતા તેમાથી થોડુ થોડુ રોકાણ કરી એક સરસ મજાની નિશાળ બનાવી અને અત્યારે તે નિશાળમાં બાળકો ભણે છે.

આ સરસ મજાની નિશાળનું નામ ‘બાલ ક્રિષ્ના વિદ્યાપીઠ’ છે. અને ચાર મિત્રોના નામમાંથી પહેલા મિત્રનું નામ લાખણોત્રા માદળભાઇ, બીજાનું નામ જયેશભાઇ રામ, ત્રીજા મિત્રનું નામ ધર્મેન્દ્ર કનાલા, અને ચોથા મિત્રનું નામ જે.બી.ભાઇ લાખણોત્રા છે. આપણે પણ આ ચાર મિત્રની જેમ પોતાની ભૂમિ માટે કંઇક કરવું જોઇએ.

**સોલંકી મિલન લક્ષ્મણભાઇ**

**બોધ : આપણે ભલે ગમે તેટલા રૂપિયા કમાઇએ. પણ આ ચાર મિત્રોની જેમ આપણે પણ આપણી જન્મ ભૂમિ માટે કંઇક કરવું જોઇએ. એજ સાચું શિક્ષણ છે.**

# ગુજરાત રાજ્યનું ગૌરવ



લવલી પ્રોફેશનલ યુનિવર્સીટી દ્વારા ભારતભરનાં ઉત્તમ શિક્ષકોની હરિફાઇનું આયોજન થયું. તેમાં ભારતભરનાં ૨૯૬૮ શિક્ષકો અને શાળાઓ જોડાઇ. સતત બે મહિના સુધી શાળાઓ-મહાશાળાઓ અને જનતા દ્વારા ભારતમાં વિદ્યાર્થીઓએ બનાવેલા વિડિયો દ્વારા વોટીંગ ચાલ્યું. તેમાં સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને રાષ્ટ્રીય ક્ષેત્રે અપાયેલા શિક્ષકોના યોગદાનની પુરાવા સહિત પૃષ્ટિ નિમાયેલા નિર્ણાયકોની ટુકડી દ્વારા થઇ. તેમાં મહેસાણા તાલુકાનાં કુકરવાડા ગામનાં વતની શ્રી ઉર્વિશકુમાર વિનોદકુમાર પંડ્યા કે જેઓ દિવાન બલ્લુભાઇ પ્રાથમિક શાળા, પાલડી અમદાવાદ ખાતે શિક્ષક છે. તેમનું યોગદાન અભૂતપૂર્વ નોંધાયું. તેઓએ S.P.C.નાં વિદ્યાર્થીઓ, સ્કાઉટ-ગાઇડનાં કેડેટ્સ, સ્પોર્ટસનાં રમતવીરો અને ૩૦૦ જેટલા મિત્રોની ટીમ દ્વારા કુકરવાડા, વિજાપુર, વિસનગર, માણસા, ગાંધીનગર અને અમદાવાદ ખાતે ૩૦૦૦થી વધુ વૃક્ષો વાવી તેનું જતન પણ કર્યું છે. શાળામાં ‘હર્બલ-ગાર્ડન’ બનાવી વિદ્યાર્થીઓ દ્વારા ગરીબ વ્યક્તિઓને ઔષધીઓ આપી સેવા કરી છે. જન જાગૃતિ માટે રોડ સેફ્ટી રેલી, તિરંગા રેલી, માતૃભાષા રેલી, ટ્રાફિક એવેરનેસ રેલી, સ્વચ્છતા અભિયાન, રક્તદાન-મહાદાન, સ્ત્રી સશક્તિ કરણ રેલી જેવી આંદોલન રેલીઓ દ્વારા અવાર-નવાર જાગૃતિનો પ્રયત્ન કર્યો છે. વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ સધાય તે માટે યોગા, મેડિટેશન, અંગકસરત, પરેડ-માચ, સ્પોર્ટસ દ્વારા તેમને પ્રશિક્ષણ કર્યાં છે. સર્જીકલ સ્ટ્રાઇક વખતે તેમના સંચાલનમાં વિદ્યાર્થીઓએ ૪૦,૦૦૦ રૂપિયા એકઠા કરી શહીદોનાં પરિવારને મદદ કરી. આકસ્મિક પરિસ્થિતિનાં સમયે તેમના મિત્રોની ટીમ દ્વારા વારંવાર ફૂડ પેકેટ્સ, કપડાં, ધાબળા વગેરેનું વિતરણ થતું રહ્યું છે. ‘કર્મ પ્રદિપ્ત સંચય’ નામનું સંકલન રચી બ્રહ્મત્વનું ઋણ અદા કર્યું છે. શિક્ષણમાં અવનવી પદ્ધતિઓનો પ્રયોગ કરી જીવંત શિક્ષણ પીરસ્યું છે. આવા વિવિધ કાર્યોનાં ઉપશ્રેય રૂપે તેમને એકલવ્ય એક્સલન્ટ યંગ એજ્યુકેટર એવોર્ડ, પરશુરામ એવોર્ડ, G.R.D.એવોર્ડ, ગુજરાત રાજ્ય સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ ગૌરવ એવોર્ડ-સન્માનપત્રથી નવાજવામાં આવ્યાં છે. પદ્મશ્રી ડો. ડાહ્યાભાઇ શાસ્ત્રી દ્વારા ‘કર્મ પ્રદિપ્ત સંચય’ પુસ્તક માટે સન્માનિત થયા છે. હવે તા. ૩૧-૧-૧૮નાં રોજ નવી દિલ્લી ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રનવ મુખરજીનાં હસ્તે તેમને ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. ભારતનાં ઉત્તમ શિક્ષકોમાં તેમની વરણી ગુજરાતનું ગૌરવ છે.

...અસ્તુ સદા શિવોહમ્...

## સ્પોર્ટ્સ વીકની ઉજવણી બેલુર માં





કહેવાય છે કે ને કે એટલે કે શ્રેષ્ઠ માનસિક વિકાસ માટે તંદુરસ્તિની કાયમ જરૂરિયાત રહેશે. આવા હેતુસર બેલુર વિદ્યાલયમાં સુંદર મજાના સ્પોર્ટસ વીકનું આયોજન કરવામાં આવ્યું. બાળકોમાં શૈક્ષણિક સ્તર વધુને વધુ ઉંચો લવવાના પ્રયત્નોસર સ્પોર્ટસવીકનું આયોજન થયું. જેમાં તથા ની વિવિધ રમતોનું આયોજન થયું. કબડ્ડી, ક્રિકેટ, લીંબુ ચમચી, કોથળા દોડ, એથ્લેટીક્સ, સ્કેટિંગ, કરાટે, ચેસ, કેરમ, વગેરે રમતોમાં બહોળો સંખ્યામાં ભાગ લીધો. આમ સ્પોર્ટસ વીકમાં બહોળી સંખ્યામાં ભાગ લઇ સ્પોર્ટસ વીકને સફળ બનાવેલ. સ્પોર્ટસ વીકનું સફળ આયોજન કરતા શિક્ષક શ્રી સિદ્ધાર્થભાઇ, વિજયભાઇ, કેવલભાઇ તથા નીરજભાઇને શાળાના એમ.ડી. શ્રી બી.સી. લાડુમોર સાહેબ તથા સેક્રેટરી શ્રી પી.એમ. નકુમ સાહેબે તથા બેલુર પરિવારે અભિનંદન પાઠવેલ. તથા આવનાર ભવિષ્યમાં સ્પોર્ટસવિક થકી વધુને વધુ સફળ આયોજન કરવાની શુભેચ્છા પાઠવેલ.

## “શહીદ દિને” પૂજ્ય બાપુને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી







ન.પ્રા.શિ.સ.સુરત સંચાલિત મહારાણા પ્રતાપ પ્રા. શાળામાં આજે રાષ્ટ્રપિતા ગાંધીબાપુને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

પૂ. બાપુના પ્રિય ભજન “વૈષ્ણવજન તો તેને રે કહીએ” થી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો. શાળાના શિક્ષકા રેખાબહેન વસોયાએ અને વિદ્યાર્થીઓ મધુર કંઠે ગાંધી ગીતો રજૂ કર્યો. કેટલાક વિદ્યાર્થીઓએ જીવન પ્રસંગો વર્ણાવ્યા હતા. તેમજ ગાંધીજીના જીવન વિશે ટૂંકમાં વક્તવ્ય પણ રજૂ કર્યો હતા. શિક્ષક શ્રી રાજેશ ધામેલિયા પ્રશ્નોત્તરી દ્વારા બાપુના કાર્યોથી વિદ્યાર્થીઓ માહિતગાર કર્યા હતા. શાળાના તમારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો કાર્યક્રમમાં સહભાગી થયા હતા. શાળાના આચાર્યશ્રી મિતેશભાઇએ વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## અભિનંદન



કૌશલ વિદ્યાભવન- નાના વરાછા, સુરતમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી ધામેલિયા વિશાખા રાજેશકુમારે ગુજરાત જિમનાસ્ટિક એસોસિએશન દ્વારા વાસમપોર જિ. નવસારી ખાતે યોજાયેલ આર્ટિસ્ટિક જિમનાસ્ટિકમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ સાથે સમગ્ર ગુજરાતમાં ચેમ્પિયન થવાની સિદ્ધિ હાંસલ કરી છે.

ધામેલિયા વિશાખાએ અનિવન બારમાં પ્રથમ, વોલ્ટીંગ ટેબલમાં પ્રથમ અને ફ્લોર એકસસાઇઝમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી ઓલ રાઉન્ડ ચેમ્પિયનશિપમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. રાજ્યકક્ષાએ શાળાનું ગૌરવ વધારનાર વિશાખાને શાળાના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી અને શાળા પરિવાર દ્વારા અભિનદંન પાઠવ્યા છે.

## પેપર પ્લેટની દિવાલ



**સામગ્રી:**

- નહી વપરાયેલ કાગળ પ્લેટ
- તમારા મનપસંદ એક્રેલિક પેઇન્ટ રંગો
- પેઇન્ટ બ્રશ
- બંને બાજુથી ચોંટે એવી ડબલ ટેપ

**બનાવવાની રીત:**

૧. જુદા જુદા કલરથી તમારી દરેક કાગળની પ્લેટને કલર કરો.
૨. સુકાઇ ગયા બાદ પ્લેટની પાછળ બરાબર વચ્ચે નાનો ટુકડો ડબલ ટેપનો ચોંટાડો.
૩. સુંદર ડિઝાઇન બનાવવા પ્લેટોને દિવાલ પર ગોઠવો અને જ્યારે તમારે બદલવી હોય ત્યારે સરળતાથી બદલી શકો છો.





## જો જો પાછા હસતા નહી

### સુરજ નીકળ્યો કે નહી?

સંતા નોકરને – જરા જો
તો બહાર સૂરજ નીકળ્યો કે નહીં
નોકર : બહાર તો અંધારૂ છે
સંતા: અરે તો ટાર્ચ જલાવીને જોઇ લે કામચોર

### તમે ચેમીસ્ટ છો ને

**પપ્પુ:** ઓ ચોપડા અંકલ, તમે ચેમીસ્ટ છો ને ?
**અંકલ:** હા બેટા, પણ તે ચેમીસ્ટ નહીં,પણ કેમિસ્ટ હોય છે, CH ‘ચ‘ નહી ‘ક’ બોલાય..
**પપ્પુ:** ઓકે, કોપડા અંકલ

### નવાઇની વાતો

સંજ્ય નામના એક વિદ્યાર્થીને પરીક્ષામાં ૦%માર્ક્સ મળ્યા નવાઇની વાત એ હતી કે તેને લખેલા જવાબો સાચા નહોતા તો ખોટા પણ નહોતા

**૧. ક્યાં યુદ્ધમાં ટીપુ સુલતાનનું મોત થયું ?**
જવાબ: તેનાં છેલ્લાં યુદ્ધમાં
**૨.આઝાદીની જાહેરાત ઉપર હસ્તાક્ષર કઇ જગ્યાએ થયા હતાં ?**
જવાબ: પાના પર લખાણ પુરૂ થયું હતું તેની નીચે.
**૩.છૂટાછેડાનું મુખ્ય કારણ શું હોઇ શકે ?**
જવાબ: લગ્ન
**૪.ગંગા નદી ક્યાં રાજ્યોમાંથી વહે છે ?**
જવાબ: તેનાં પ્રવાહમાં રસ્તામાં આવતા બધા જ રાજ્યોમાંથી
**૫.એકવાર એક ડોશીનાં ઘરમાં કૂતરો ઘૂસી ગયો તો ડોશીએ હુળ હુળ**
તો કૂતરો કહે દબંગ દબંગ